NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

## પ રિ પ ત્ર

**જરૂરી**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને જણાવવાનું કે, સને ૨૦૧૪–૧૫ ના નાણાકીય વર્ષથી એન.એ.યુ. ફંડ, એન.એ.યુ.રીવોલ્વીંગ ફંડનાં ખર્ચ તેમજ આવક અંગેની તમામ હિસાબી કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. અને તે પ્રમાણે અત્રેથી જે તે માસવાર આવક તેમજ ખર્ચની ઓનલાઈન એપ્રુવલ આપી જે તે બજેટ સદરે આવક તેમજ ખર્ચનો હવાલો નાંખવામાં આવેલ છે. આપની કચેરીએથી મોકલવામાં આવેલ પગારબીલમાંથી કરવામાં આવતી યુનિવર્સિટી કપાતને જે તે સદરે જમા/રીફંડ તેમજ ચલણ ધ્વારા જમા કરાવેલ વણવપરાયેલ નાણાંને જે તે સદરે રીફંડ તેમજ અત્રેની કચેરીએથી કરવામાં બુકઅડજસ્ટનાં ખર્ચ / આવકને જે તે સદરે જમા આપી ખર્ચ સરભર કરવામાં આવેલ છે.

હાલમાં ટુંક સમયમાં નાણાકીય વર્ષ પુર્ણ થનાર હોય, સને ૨૦૧૪–૧૫ ના નાણાકીય વર્ષમાં એપ્રિલ–૧૪ થી જાન્યુઆરી–૧૫ સુધીનાં ઓનલાઈન હિસાબો સાથે આપની કચેરીમાં નિભાવવામાં આવતા ખર્ચ રજીસ્ટર, આવક રજીસ્ટર, એડવાન્સીઝ, ડિપોઝીટ રજીસ્ટરોનાં ખર્ચ તેમજ આવકનું તા. ૨૧.૨.૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીમાં રેકર્ડ લાવી મેળવણું કરાવી લેવા વિનંતી છે. જેથી પાછળથી હિસાબોને લગતા પ્રશ્નો ઉપસ્થિત થાય.

ઉપરોકત પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવમાં આવે છે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૩/કોમ્પાઈ/૨૪૧–૯૧/૨૦૧૫
નવસારી. તારીખઃ– ૧૦.૨.૨૦૧૫

નકલ સવિનય રવાનાઃ

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.